# આસપાસ ચોપાસ

## ધનાવશી ગામમાં પ્રાથમિક શિક્ષણની શરૂઆત વર્ષ 1956ની 23મી માર્ચે કરવામાં આવી હતી






ધનાવશી ગામમાં શિક્ષણ આપવા માટે 23મી માર્ચ 1956ના રોજ પ્રાથમિક શાળાની સ્થાપના કરવામાં આવી હતી. સુંદર શૈક્ષણિક સંસ્થા માટે ગામના શિક્ષણ પ્રેમી આગેવાન મોહનભાઈ મોતીભાઈ બીન વિરસંગ પઢીયાર દ્વારા ઉદારતાથી ભૂમિદાન કરવામાં આવ્યું હતું. આ ભૂમિ પર શાળાનું સુંદર બાંધકામ કરવામાં થયેલ છે. ધો.1 થી 8 સુધીનો અભ્યાસ કરી બાળકો ઉચ્ચ શિક્ષણ તેમજ કારકિર્દી માટે આગળ વધી રહ્યા છે. નવા ઓરડાનું બાંધકામ ઉપરાંત સુંદર મજાનું મેદાન તૈયાર થઈ ગયું છે. આ શાળામાં ધો 1 થી 8માં 460થી વધુ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં હાલમાં કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન લેબ, બાળ પુસ્તકાલય, સ્માર્ટ ક્લાસ જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ શાળામાં બાળકો આધુનિક યુગ સાથે કદમ મિલાવી રહ્યા છે. શાળામાં શિક્ષણ કાર્યની સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ CET, PSE, NMMJ, જ્ઞાનસાધના નવોદય જેવી પરીક્ષામાં બાળકો પોતાની પ્રતિભા બતાવી રહ્યા છે. તેમજ શાળામાં સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે ખેલ મહાકુંભ, કલા મહાકુંભ, જીવન કૌશલ્ય, આધારીત પ્રવૃત્તિઓ, રમતોત્સવ, વિજ્ઞાન દર્શન, ક્વીઝ કોમ્પીટીશન, વિવિધ ઉત્સવની ઉજવણી, કન્યા કેળવણી મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. શાળામાં 100% નામાંકન થાય છે. ડ્રોપ આઉટ રેશિયો 0% છે. ધનાવશી ગામ આમ તો પ્રાથમિક સુવિધાઓ માટે હજુ પણ સંઘર્ષ કરી રહ્યું છે. પરંતુ પ્રાથમિક શિક્ષણ માટે ગામમાં જ ધોરણ 1થી 8 સુધી સુવિધા ઉપલબ્ધ છે. બાળકોને સ્થાનિક ગામમાં જ પાયાના શિક્ષણનો લાભ મળે તે માટે સરકારી પ્રાથમિક શાળા કાર્યરત છે. શાળામાં નિયમિત પણે શિક્ષકો પોતાની ફરજ બજાવીને બાળકોની શૈક્ષણિક કારકિર્દી ઉત્તમ બને તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. પ્રાથમિક શાળાનુ મકાન પણ નવું બનાવવામાં આવ્યું છે. 47 લાખના ખર્ચે નવનિર્મિત મકાનનું લોકાર્પણ કેબીનેટ મંત્રી અને બોરસદ ધારાસભ્ય રમણભાઈ સોલંકી હસ્તે કરવામાં આવ્યું છે. શાળા ખાતે જ બાળકોને પીવાના પાણીની, મધ્યાહન ભોજન સહિતનો લાભ મળે છે. શાળા ખાતે વિવિધ પ્રવૃતિઓ અને ઉજવણી થકી બાળકોનું કૌશલ્ય વિકસે તે માટે અવનવા કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. શાળા ખાતે એસ એમ સી સમિતિ પણ કાર્યરત છે. જે શાળામાં વિકાસકાર્યો અને શૈક્ષણિક કાર્યો બાબતે સજાગતા રાખે છે. એસએમસી કમિટીના અધ્યક્ષ તરીકે પઢીયાર દક્ષાબેન હર્ષદભાઈ, ઉપાધ્યક્ષ તરીકે પઢીયાર પારૂલબેન વણરાજસિંહ જ્યારે સભ્ય સચિવ તરીકે શાળાના આચાર્ય પઢિયાર રાજેન્દ્રસિંહ રવસિંહ જવાબદારી સંભાળી રહ્યા છે. અન્ય સભ્યો તરીકે પઢીયાર ઈલાબેન રમેશભાઈ, સોલંકી ઠાકોરભાઈ જીતુભાઈ, પઢીયાર અમિતભાઈ મહેન્દ્રભાઈ, વાઘેલા અલ્કાબેન અલ્પેશભાઈ, પઢિયાર રાજેશભાઈ રાવજીભાઈ, પઢિયાર જયાબેન રાજેશભાઈ, પઢિયાર કાતિંભાઈ બબુભાઈ, પઢિયાર રમેશભાઈ જયંતિભાઈ, સોલંકી જીગ્નેશભાઈ રમેશભાઈ, વાળંદ માયાબેન રાજેશભાઈ સભ્ય પદે નિયુક્ત થયેલ છે.

## શિક્ષિત યુવાનોએ ઝળહળતી કારકિર્દી સાથે વિવિધ ક્ષેત્રોમાં ગામને ગૌરવવંતુ બનાવ્યું છે



ગામના 50 કરતા વધુ યુવાનોએ સ્નાતક અનુસ્નાતક પદવી મેળવીને વિવિધ ક્ષેત્રોમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી છે. ધનાવશી ગામના યુવાનોએ માદરે વતનમાં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષણ મેળવ્યું છે . ત્યારબાદ વધુ આગળ અભ્યાસ માટે ખેડાસા ગામની સરકારી માધ્યમિક શાળા, કિંખલોડ ગામની ઉચ્ચતર માધ્યમિક શાળા અને ભાદરણ અને બોરસદની શાળા કોલેજોમાં પ્રવેશ મેળવી શિક્ષણ મેળવ્યું છે. ઉચ્ચ શિક્ષણને કારણે ધનાવશી ગામનું નામ ખુબ જ ગોરવવંતુ થયું છે. ઉચ્ચ શિક્ષણ મેળવનાર યુવાનોએ વિવિધ વિભાગોમાં જેવા કે કેમેસ્ટ્રી, નર્સિંગ, વેટરનરી ડોક્ટર, એગ્રીકલ્ચર, મીકેનીકલ એન્જીનીયરીંગ, સિવીલ એન્જીનીયરીંગ, પીટીસી, બી.એડ., એમ. એડ., બીએસસી, એમએસસી, એલએલબી, વગેરેમાં શિક્ષણ મેળવી સ્નાતક અનુસ્નાતક ડિગ્રી મેળવી છે. આ યુવાનોએ તબીબ , એન્જીનીયરીંગ, શિક્ષક વગેરે ક્ષેત્રોમાં કારકિર્દી બનાવી છે.

### ધનાવશી ગામનું તેજસ્વી શિક્ષિત યુવાધન

| | |
|---|---|
| ડો. ઉદેસિંહ હિંમતસિંહ પઢિયાર | જયેશભાઈ રાજેશભાઈ પટેલ |
| મહેન્દ્રભાઈ પરમાર ( એન્જીનીયર ) | સપનાબેન રાજેશભાઈ પટેલ |
| અશ્વિનભાઈ રામસિંહ પઢિયાર | અશ્વિનભાઈ ચંદુભાઈ પઢિયાર |
| કિશનભાઈ રામસિંહ પઢિયાર | હિતેન્દ્રકુમાર હિમંતસિંહ પઢિયાર |
| સુરેશભાઈ પઢિયાર | કેતનભાઈ રામાભાઈ પઢિયાર |
| મહેશભાઈ મથુરભાઈ પઢિયાર | લલિતભાઈ વાળંદ |
| વિમલભાઈ રમેશભાઈ પઢિયાર | ગુલજીભાઈ સોમાભાઈ પઢિયાર |
| શૈલેષભાઈ રમેશભાઈ પઢિયાર | હર્ષદભાઈ સોમાભાઈ પઢિયાર |
| અલ્પેશભાઈ ભઈલાલભાઈ મકવાણા | દિપક નટુભાઈ પઢિયાર |
| રાજેશભાઈ રાવજીભાઈ પઢિયાર | તેજલબેન મહેશભાઈ પઢિયાર |
| સંગીતાબેન રાવજીભાઈ પઢિયાર | દિપીકાબેન જારીયા |

## 1.84 કરોડના વાર્ષિક ટર્નઓવર સાથે ધનાવશી દુધ મંડળી પશુપાલકો માટે આવકનો મુખ્ય સ્ત્રોત છે



**અમુલના સહયોગથી દુધ મંડળી દ્વારા સભાસદોને સામુહિક અકસ્માત વીમા હેઠળ આવરી લેવામાં આવ્યા છે**

બોરસદ તાલુકાના ધનાવશી ગામે પશુપાલકો અને ખેડૂતોની આર્થિક પરિસ્થિતિની સદ્ધરતા પામવા માટે આવકનો સ્ત્રોત દુધાળા પશુઓ છે. દુધાળા પશુઓનું દુધ ધનાવશી દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં સવાર- સાંજ બંને સમયે જમા કરાવીને ધનાવશીના લોકો પોતાનું ભરણપોષણ અને સામાજીક પ્રસંગોનું આયોજન પરીપૂર્ણ કરે છે. સાથે સાથે પોતાના બાળકો માટે શૈક્ષણિક જરૂરીયાતો પણ સંતોષવા માટે દુધ મંડળીની મળતી આવક પર નિર્ભર રહે છે. દુધ મંડળીના સેક્રેટરી રાજેશભાઈ રાવજીભાઈ પઢિયારના જણાવ્યા મુજબ ધનાવશી દુધ મંડળીની સ્થાપના 11-07-2012ના રોજ કરવામાં આવી હતી. મોરજ દુધ મંડળીના કુલ સભાસદોની સંખ્યા 255 છે. જે પૈકી સરેરાશ 175 જેટલા દુધ સભાસદો નિયમિત રીતે દુધ મંડળી સાથે જોડાયેલા છે. વર્ષ 2024-25 દરમ્યાન સભાસદોએ દુધાળા પશુઓનું દુધ મંડળીમાં દુધાળા પશુઓ પૈકી ભેંસ અને ગાયનું મીશ્ર દુધ 3 ,50 ,096 લીટર જમા કરાવાયું હતું. દુધ મંડળીના ચેરમેન પઢિયાર મનહરભાઈ ઉદેસિંહના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સાધારણ સભામાં વર્તમાન વર્ષે નક્કી થયા મુજબ દુધ મંડળીના સભાસદોને બોનસ વિતરણ કરવામાં આવ્યું છે. જેની ફાળવણી વ્યવસ્થાપક કમિટી દ્વારા પેટા કાયદા મુજબ કરેલ છે. ધનાવશી દુધ મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષની સમય મર્યાદા માટે 11 સભ્યો વહીવટી કામકાજ સંભાળી રહેલ છે. જેમાં ચેરમેન તરીકે હાલમાં મનહરભાઈ ઉદેસિંહ પઢિયાર, વાઈસ ચેરમેન તરીકે નટુભાઈ ડાહ્યાભાઈ પઢિયાર જવાબદારી સંભાળે છે. જ્યારે કમિટી સભ્યો તરીકે રંગીતભાઈ જેણાભાઈ પઢિયાર, સંગીતાબેન રમણભાઈ પઢિયાર, ગંગાબેન રામસિંહ પઢિયાર, હરીભાઈ સોમાભાઈ પઢિયાર, મંગળભાઈ ઉદેસિંહભાઈ પઢિયાર, રમેશભાઈ જયંતિભાઈ પઢિયાર, માધવસિંહ રણછોડભાઈ પઢિયાર, ઠાકોરભાઈ જીતસિંહ સોલંકી કમિટી સભ્યો તરીકે નિયુક્ત થેલ છે. સેક્રેટરી તરીકે રાજેશભાઈ રાવજીભાઈ પઢિયાર અને સ્થાનિક ઓડીટર તરીકે ઈશ્વરભાઈ રણછોડભાઈ પઢિયાર કાર્યરત છે.


## ગ્રામજનો દ્વારા સામાજિક સમરસતા સાથે દેવમંદિરોમાં પરંપરાગત રીતે વિવિધ ધાર્મિક ઉત્સવોનુ આયોજન કરવામાં આવે છે






ધનાવશી ગામ ખાતે પ્રવેશતા જ શ્રી અંબાજી માતાજી , શ્રી વહેરાઈ માતાજીનું અને શ્રી માતાજીનુ ખૂબ જ સુંદર મંદિર આવેલાં છે, મંદિર ખાતે અનેકવિધ ધાર્મિક ઉત્સવોની ઉજવણીઓ કરવામાં આવે છે, પરંપરાગત રીતે દર વર્ષ પરંપરાગત રીતે ખુબ આસ્થા પૂર્વક સમસ્ત ગ્રામજનો એકત્ર થઇને હવન પુજન વગેરે ધાર્મિક કાર્યો કરે છે. અહીંયા ખૂબ જ માતાજીનો રૂડો મહિમા છે, જ્યાં માતાજીના દિવ્ય પાટોત્સવની પણ ઉજવણી કરવામાં આવે છે. નવરાત્રી તહેવારની ઉજવણી અંતર્ગત રાસ ગરબાનું સુંદર આયોજન કરવામા આવે છે, જેમાં હર્ષોલ્લાસ સાથે ખૂબ જ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો તથા ગ્રામજનોએ જોડાઈને માતાજીના નીજ મંદિરના દર્શન કરીને ધન્યતા અનુભવે છે. દેવ મંદિરોમાં ગામના શ્રદ્ધાળુઓ અતુટ આસ્થા ધરાવે છે. ગામમાં મુખ્ય ચોકમાં ક્ષત્રિય વીર શ્રી ભાથીજી મહારાજનું સુંદર મંદિર આવેલું છે. ગામના વિશાળ ચોકમાં નયનરમ્ય મંદિર જણાય આવે છે. ગામના દરેક મંદિરોમાં દરરોજ સવાર-સાંજ બંને સમયે પુજારીઓ અને સ્થાનિક રહીશો દ્વારા નિત્યક્રમ મુજબ પુજા-આરતી કરવામાં આવે છે. ગામમાં વસવાટ કરતા તમામ જાતિના લોકો ખુબ આસ્થા સાથે વર્ષ દરમ્યાન વિવિધ ધાર્મિક તહેવારોની ખુબ સંપ અને એકતાથી આસ્થા પૂર્વક ઉજવણી કરે છે. ગામમાં ઉજવાતા મુખ્ય તહેવારોમાં નવરાત્રી, દિવાળી, નૂતનવર્ષ, જન્માષ્ટમી, રામનવમી, વગેરે વાર તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં ગામની તમામ જાતિના લોકો ઉપસ્થિત રહી આનંદ સાથે ઉજવણી કરે છે. તળાવ નજીક જ મહાદેવ મંદિર, બળિયાદેવ મંદિરનુ નિર્માણ કરવામાં આવ્યું છે.

## લોકપ્રતિનિધિઓ આગોતરા આયોજન થકી ગ્રામજનોની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સક્રિયતાથી જવાબદારી સંભાળે છે



ધનાવશી ગામ છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસ માર્ગે આગળ વધી રહ્યું છે. ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામમાં સમયાંતરે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં આવે છે. ગામમાં આર્થિક સમૃદ્ધિ ના હોવાથી માત્ર સરકારી ગ્રાન્ટની ફાળવણી આધારે જ જરૂરી વિકાસ કામોના લાભ માટે સરકાર પર જ નિર્ભર રહેવું પડે છે. જોકે છેલ્લા ત્રણેક વર્ષથી ગામમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતાને પગલે ગામમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ અને ખુલ્લા ચોગાનમાં બ્લોક વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું છે. . ગામમાં પાણીની સુવિધા માટે વોટર વર્કસ કાર્યરત છે. ગામના લોકો સ્વચ્છતા જાળવવા માટે ખૂબ ધ્યાન આપે છે. ગામની ભાગોળ પાસે વિશાળ ઝાડની છાયામાં ગ્રામજનો હળવાશની પળો માણવા માટે અચુકપણે આવે છે. ગામમાં લગભગ ત્રણસોથી વધુ ઘર છે. ગામમાં એક નાનું બજાર છે. તેમાં જીવનજરૂરિયાતની બધી વસ્તુઓ મળે છે. ગામમાં વીજળીની અને વોટરવર્કસની સગવડ છે. ગામને સિંચાઈનો લાભ મળ્યો છે; એટલે ગામના ખેડૂતો વર્ષમાં ત્રણ વખત પાક ઉપજ મેળવી શકે છે. ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ ધનાવશી ગામ વસ્તીની દ્રષ્ટીએ સામાન્ય ગામ છે . પરંતુ ગામના મોટાભાગના લોકોની દિઘદ્રષ્ટીના કારણે ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સારા પ્રયત્નો કરવામાં આવે છે. ગામની મહિલાઓ પોતાના શ્રમ દ્વારા દૈનિક આવકમાંથી બચત એકત્ર કરી શકે તે માટે સખી મંડળો અને સ્વ સહાય જુથો બનાવવામાં આવેલ છે. આ મંડળ અને જુથો દ્વારા દરેક મહિલા સભ્યના નાના-મોટા કામ ખુબ જ સરળતાથી પરિપૂર્ણ થાય છે. જુથોના સારા ઉદ્દેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ પોતપોતાના વિસ્તારના સ્વ સહાય જુથો અને સખી મંડળો દ્વારા સંલગ્ન રહીને આર્થિક ઉત્કર્ષ કરી રહેલ છે. ધનાવશી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે અગાઉ પ્રવિણભાઈ રામાભાઈ પઢિયાર, મંજુલાબેન પ્રવિણભાઈ પઢિયાર અને રામાભાઈ પ્રભાતભાઈ પઢિયાર વિવિધ સમયગાળા દરમ્યાન ફરજ બજાવી ચુક્યા છે. જ્યારે હાલમાં નવા ચુંટાયેલા મહિલા સરપંચ મીનાબેન માધવસિંહ પઢિયાર ફરજ બજાવી રહ્યા છે. જયારે ડે.સરપંચ તરીકે મનુભાઈ ઝાલમભાઈ પઢિયાર નિયુક્ત થયેલ છે. અને સભ્યો તરીકે મંજુલાબેન પ્રવિણભાઈ પઢિયાર, ઈલાબેન રમેશભાઈ પઢિયાર, રાજેશભાઈ ફુલાભાઈ પઢિયાર, સતિષભાઈ કાંતિભાઈ પઢિયાર, મેહુલભાઈ જશવંતભાઈ પઢિયાર અને અલ્પેશભાઈ જશવંતભાઈ હરીજન ચુંટાઈ આવેલ છે.

## યુવાનોની દીર્ઘદ્રષ્ટિને કારણે ગામમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી લોકહિતની કામગીરી કરાય છે

ધનાવશી ગામમાં સ્થાનિક કક્ષાએથી જીલ્લા પંચાયત કે તાલુકા પંચાયતનુ નેતૃત્વ મળતું થયું નથી. પરંતુ હાલનુ શ્રીકૃષ્ણ યુવક મંડળ અને જાગૃતિ યુવાનોની અનેકવિધ સેવાકીય અને ધાર્મિક પ્રવૃતિઓ સાથે ખુબ જ જાણીતું છે. શ્રીકૃષ્ણ યુવક મંડળના યુવાનો ખૂબ સારુ કામ કરે છે. પૌરાણિક મંદીરોનો જીર્ણોધ્ધાર યુવાનો તેમજ સ્થાનિક આગેવાનોની જહેમતથી થયો છે. . ગામમાં કોઈ જ પ્રકારની હુંસાતુંસી ક્યારેય પણ થયેલ નથી. યુવાનોની એકતા માટે ધનાવશી ગામ પંથકમાં ખુબ જ જાણીતુ બન્યુ છે. દરેકે દરેક યુવાનો ખભેખભા મિલાવી ગામના તમામ પ્રસંગોમા મદદરુપ થાય છે. રાજકીય ક્ષેત્રમાં ધનાવશી ગામનો કોઈ વ્યક્તિ ના હોવા છતા ગામનો સારો એવો વિકાસ આ યુવાનોને આભારી છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)